# :: શરતો ::

(૧) સદરહું વાર્ષિક ભાવો વર્કઓડર આપ્યા તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. અને ભાવો મંજૂર થયેથી મંજૂર ભાવો મુજબ ખાતાની જરૂરીયાત મુજબ જે તે કામના મંજૂર થયેલ અંદાજપત્રક સામે ખાતા સાથે જરૂરી કરારખત કરી કામ કરવાનું રહેશે.

(૨) **ટેન્ડર ખોલ્યા બાદ દરેક એજન્સીએ ડીપોઝીટ ફરજીયાત ભરવાની રહેશે.** તમામ આઇટમોની કામગીરી મંજુર થયેલ ભાવોથી માન્ય થયેલ એજન્સી પાસે કામ કરાવી શકાશે. વિભાગને કામની અનિવાર્યતા ઉપસ્થિત થયે ભાવ ભરેલ કોઇપણ એજન્સી પાસે તાત્કાલીક ધોરણે પ્રત્યક્ષ કે પરોક્ષ જાણ વગર કરાવામાં આવશે. ગમે તે એજન્સીને કામ સોપવામાં આવે તો સૌથી નીચા ભરેલ ભાવવાળી એજન્સીએ કોઇ વાંધો, હક્ક, દાવો કે તકરાર કે નાંણાકીય ક્લેઇમ કરવાનો રહેશે નહી.

(૩) સદરહું ભાવો વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટનાં ધોરણે હોય વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબ છૂટક છૂટક કામ કરવાનું થશે.

(૪) નિયત ભાવપત્રકો સિવાયના ભાવો ગણતરીમાં આવશે નહીં.

(૫) ગમે તે કારણોસર નિયત સમય બાદ કે, બાનાની રકમ સિવાયના અને શરતી ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી.

(૬) આવેલ ભાવ પત્રકો પૈકી બધા જ કે, અમુક ભાવ પત્રક મંજૂર કે નામંજૂર કરવાનો અધિકાર કાર્યપાલક ઇજનેરશ્રીને અબાધિત રહેશે.

(૭) જે ભાવ પત્રકોના ઊંચા જણાશે તે માટે વાટઘાટ દ્વારા ભાવો ઘટાડવાના પ્રયત્ન કરવામાં આવશે.

(૮) કામની અગત્યતાને લક્ષમાં લઈ જરૂર પડયે મંજૂર થયેલ ભાવે આ ભાવો ભરનાર એજન્સીઓ પૈકી ગમે તેની પાસે કામ કરાવી શકાશે, જેના માટે ભાવો મંજૂર થયા હોય તેનો હક્ક-દાવો રહેશે નહી.

(૯) ભાવો દરેક પ્રકારના વેરા, રોયલ્ટી સાથેના ભરવાના રહેશે

(૧૦) ઓનલાઇન આવેલ ભાવ પત્રક શક્ય હશે તો, ભાવો સ્વીકારવાની છેલ્લી તારીખનાં બીજા કામકાજનાં દિવસે બપોરનાં ૧૨-૦૦ કલાકે ઉપસ્થિત ઠેકેદારશ્રીની હાજરીમાં ઓનલાઇન ખોલવામાં આવશે.

(૧૧) અરજન્સીનાં કિસ્સાઓમા મૌખિક કે લેખિત સુચના મળ્યેથી ૨૪ કલાકમાં કામ શરૂ કરવાનું રહેશે.

(૧૨) સરકારશ્રીના વખતોવખતના પરીપત્રો અન્વયે જે ટેકસ કાપવાના થશે તે એજન્સીએ માન્ય રાખવાના થશે.

(૧૩) ઉપરોકત કામોમાં GST/CGST અલાયદા બીલ સાથે મુકવવામાં આવશે પરંતુ ઓથોરીટીની સુચના અન્વયે GST/CGST ની રીકવરી કાવાની થશે. તેમજ કોઇ સંજોગોમાં એ.જી. કચેરી દ્વારા ઓડીટ પાર્ટી દ્વારા સુચવેલ GST/CGST ની વધારાની ચુકવેલ રકમની વસુલાત કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવાની રહેશે. તથા સરકારશ્રીના અન્ય ટેક્ષ ઇજારદારશ્રીને ભરપાઇ કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

**કાર્યપાલક ઇજનેર**
**માર્ગ અને મકાન વિભાગ**
**મોરબી**